
# ગુજરાતમાં પાંચ વર્ષમાં અશ્વપાલની પ્રવૃત્તિમાં ૩૦ ટકાનો નોંધપાત્ર વધારો

## દેશભરમાં ગુજરાત અન્ય અશ્વની વસ્તીમાં નવમા સ્થાને

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના અંબોડ ખાતે ગુજરાત પશુપાલન વિભાગ અને અંબોડ અશ્વ મેળા સોસાયટી દ્વારા અશ્વ શોનું આયોજન કરવામાં આવે છે. જેથી ગુજરાતમાં અશ્વપાલન કરવાની પ્રવૃતિમાં પાંચ વર્ષમાં ૩૦ ટકા જેટલો નોંધપાત્ર વધારો થયો છે.

રાજ્યમાં ૨૦૦૭માં થયેલ અશ્વની વસ્તી ગણતરી અનુસાર રાજ્યમાં કુલ ૧૩૪૧૭ અશ્વ નોંધાયા હતા. જ્યારે વર્ષ ૨૦૧૨ના અશ્વ વસ્તી ગણતરીના આંકડા અનુસાર અશ્વોની સંખ્યા ૧૮૨૬૪ નોંધાઈ છે. ભારત દેશમાં અશ્વોની વસ્તી ૬,૨૪,૭૩૨ની છે. જેમાં સૌથી વધુ અશ્વની સંખ્યા ઉત્તરપ્રદેશમાં છે. સૌથી ઓછા અશ્વ ત્રિપુરા રાજ્યમાં છે. ગુજરાત અશ્વની સંખ્યામાં ૯મા સ્થાને છે.



પશુપાલન નિયામક શ્રી ડૉ. એ.જે. કાછીઆએ અશ્વની વસ્તી ગણતરીની વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, અશ્વ એ સમાજમાં સૈકાઓથી પાલતું પ્રાણી તરીકે સ્વીકારાયેલ છે. અગાઉના સમયમાં ભારવહન અને પરિવહનના હેતુ માટે તથા લશ્કરમાં અશ્વોનો વ્યાપક ઉપયોગ થતો હતો. જે હાલમાં અશ્વ પ્રતિષ્ઠા, રમત ગમત અને વિવિધ ધાર્મિક અને લગ્નોત્સવ પ્રવૃત્તિ માટે પાળવામાં આવે છે. દેશમાં અશ્વોની મુખ્ય છ ઓલાદ જોવા મળે છે. જેમાં કાઠિયાડી, મારવાડી, સ્વીટી, ઝન્સારી, મણીપુરી અને ભુતિયા છે. જેમાંથી ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે કાઠિયાવાડી અને મારવાડી એમ બે ઓલાદો જોવા મળે છે. ગુજરાત કાઠિયાવાડી અશ્વોની માતૃભૂમિ ગણાય છે.

વધુમાં શ્રી ડૉ. એ.જે. કાછીઆએ જણાવ્યું છે કે, ગુજરાતમાં વર્ષ-૨૦૦૭માં અને તે પછી વર્ષ-૨૦૧૨માં અશ્વની વસ્તી ગણતરી કરવામાં આવી છે. જેમાં વર્ષ-૨૦૧૨ની અશ્વની વસ્તી ગણતરીની કામગીરીના જિલ્લા અનુસાર અશ્વની સંખ્યાના આંકડા ટુંક સમયમાં બહાર આવશે. પરંતુ વર્ષ-૨૦૦૭ની અશ્વ વસ્તી ગણતરીના આંકડા અનુસાર રાજ્યમાં સૌથી વધુ ઘોડાઓ કચ્છ જિલ્લામાં છે. ડાંગ જિલ્લામાં સૌથી ઓછા ઘોડાઓ છે. ગાંધીનગર જિલ્લામાં કુલ-૧૨૮ ઘોડાઓ છે. જેમાં કાઠિયાવાડી ઘોડા-૭૦, મારવાડી ઘોડા-૪૯ અને અન્ય જાતિના અશ્વ-૯ છે. રાજ્યમાં વર્ષ-૨૦૦૭માં રાજ્યના ૨૬ જિલ્લાઓના અશ્વની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જે અનુસાર રાજ્યમાં સૌથી વધુ મારવાડી અને કાઠિયાવાડી ઘોડાઓનું પ્રમાણ વધુ નોંધાયું છે. વર્ષ-૨૦૦૭ ની વસ્તી ગણતરી અનુસાર રાજ્યમાં કાઠિયાવાડી ઘોડાની સંખ્યા-૯૩૭૭, મારવાડી ઘોડાઓની સંખ્યા ૨૭૪૭ અને અન્ય જાતિના ઘોડાઓની સંખ્યા ૧૨૯૩ છે.

વર્ષ-૨૦૧૨માં થયેલ અશ્વની વસ્તી ગણતરી અનુસાર દેશણાં અશ્વોની સંખ્યા ૬,૨૪,૭૩૨ નોંધાઈ હતી. ગુજરાત કરતાવધુ અશ્વ ધરાવતા રાજ્યોમાં ઉત્તરપ્રદેશમાં ૧,૫૧,૮૪૮, જમ્મુ-કાશ્મીર રાજ્યમાં ૧,૪૪,૪૯૩, બિહાર રાજ્યમાં ૪૮,૮૪૫, સિક્કિમ રાજ્યમાં ૩૭,૭૭૬, મહારાષ્ટ્ર રાજ્યમાં ૩૭,૨૮૭, પંજાબ રાજ્યમાં ૩૨,૮૬૦, હરિયાણા રાજ્યમાં ૩૬,૬૫૫, મધ્યપ્રદેશ રાજ્યમાં ૧૮,૮૦૩ અને ગુજરાત રાજ્યમાં ૧૮,૨૬૪ અશ્વો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

પરિમલ એપાર્ટમેન્ટ સેક્ટર-૭ પાણીની લાઈનમાં ખરાબી આવતા તેને સમારકામ કરતા ઘણો વિલંબ થઈ રહ્યો છે. રસ્તાની વચ્ચોવચ્ચ મસમોટો ખાડો કરવામાં આવ્યો છે. જે ગમે ત્યારે અકસ્માતને નોતરી શકે છે.

# બાલોદ્યાનમાં તળાવ રીનોવેશનના લીધે એપ્રિલ સુધી બોટીંગ બંધ

## તળાવમાં લીકેજીસ સહીતની સમસ્યાને ડામવા ૨૨ લાખ ખર્ચાશે

ગાંધીનગર, તા.૩૧

સે-૨૮ બાલોદ્યાનના તળાવનું રીનોવેશન હાથ ધરવામાં આવ્યું છે. તળાવમાં પાણી લીકેજીસ સહીતની સમસ્યાને ધ્યાને લઈ તળાવનું યોગ્ય સમારકામ થઈ રહ્યું છે. આગામી એપ્રિલ મહીના સુધી તળાવનું રીનોવેશન કામ ચાલશે. જયારે વેકેશન દરમિયાન સહેલાણીઓ બોટીંગનો આનંદ મેળવી શકે તે માટે કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

બાલોદ્યાનને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાનું સ્વપ્ન સાકાર થઈી શકયું નથી. સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર ગણાતા બાલોદ્યાનમાં ભૂલકાઓની મીની ટ્રેઈન તેમજ તળાવમાં બોટીંગ રાઈડસની મજા માણવા રજાઓના દિવસોમાં ભારે ભીડ જોવા મળી હોય છે. ભૂલકાઓની મીની ટ્રેઈન માંડ પાટે ચઢી છે ત્યારે તળાવમાં લીકેજીસ થતું હોવાની સમસ્યા પણ લાંબા સમયથી ધ્યાને આવી છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા બાલોદ્યાનના તળાવનું રીનોવેશન હાથ ધરવામાં આવ્યું છે. તળાવ રીનોવેશનની કામગીરી પાછળ રૂ. ૨૨ લાખનો ખર્ચ થશે. રીનોવેશનના કામને અનુલક્ષી છેલ્લા ઘણા સમયથી તળાવમાં બોટીંગ બંધ છે જયારે હજુ એપ્રિલ મહીના સુધી સહેલાણીઓ બોટીંગની મજા માણી શકશે નહીં. ઉનાળુ વેકેશન દરમિયાન સે-૨૮ના બાલોદ્યાનમાં સહેલાણીઓની ભીડ જામતી હોય છે. ગાંધીનગર ઉપરાંત અમદાવાદથી પણ મોટી સંખ્યામાં નાગરિકોપરિવારજનોસાથેબાલોદ્યાનમાં આનંદ-પ્રમોદ માટે આવે છે ત્યારે ઉનાળુ વેકેશન દરમિયાન સહેલાણીઓ બોટીંગની મજા માણી શકે તે માટે આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

## ચૌધરી કોલેજમાં પંદર દિવસીય યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૭ સ્થિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પંદર દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ગત તા. ૧૭થી ૨૯ જાન્યુઆરી દરમિયાન યોગ ગુરુ આર.આઈ. પંડયાના નેતૃત્વ હેઠળ યોગ શિબિર યોજાઈ હતી. શિબિરમાં કોલેજની ૨૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ અને પ્રાધ્યાપકપણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને યોગ વિશેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુચારું આયોજન ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

# ગાંધીનગરમાં રેસ સંસ્થા દ્વારા વોકેથોન ફોર કેન્સર અવેરનેસનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

સમાજમાં કેન્સર સંદર્ભે લોકજાગૃતિ અભિયાનમાં કાર્યરત સંસ્થા રેસ-રેઈન ઈન કેન્સરના ઉપક્રમે વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના સહયોગથી તા. ૪ ફેબ્રુઆરી-૨૦૧૫ બુધવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન 'વોકેથોન ફોર કેન્સર અવેરનેસ' કેન્સર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ટાઉનહોલ ઘ-૪ થી પ્રારંભ થઈ વાયા પથિકાશ્રમ ઘ-૩ થી રેલી ઘ-૨ સર્કલ પહોંચી સંપન્ન થશે. રેસ સંસ્થાના વોલીયન્ટર્સ, પીડીપીયુ તેમજ પ્રેરણા વિદ્યાલય અને સહયોગી સંગઠનોના પ્રતિનિધિઓ પ્લે કાર્ડસ સાથે આ રેલીમાં જોડાઈને કેન્સર જાગૃતિનો સંદેશો પાઠવશે. વોકેથોન આયોજનમાં રાજ્યના મુખ્ય સચિવશ્રી ડી.જે. પાંડીયન, ગેટકોના એમ.ડી. શ્રી એસ.કે. નેગી, શ્રી વિનીત જૈન સી.ઈ.ઓ. અદાણી ગૃપ, જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર, નવસર્જન એન્જી. પ્રા.લિ.ના શ્રી વિજય રાઠોડ તથા સર્વશ્રી ભામિની કનૈયા, શ્રી પલક શેઠ, ડૉ. નિગમ દવે અને શ્રી સુનિલ ગંગવાણીનો સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો છે.

## કુ. ચેતના બુચને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા



શહેરના સેકટર-૨૩માં આવેલ શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં મદદનીશ શિક્ષિકા તરીકે ફરજ બજાવા કુ. ચેતના બુચને પી.એચ.ડી. થવા બદલ શેઠ સી.એમ. હાઈસ્કુલ પરિવારે અભિનંદન પાઠવ્યા છે. કડી સર્વવિશ્વ વિદ્યાલયમાંથી શિક્ષણ ભિાગમાં કુ. ચેતના બુચે 'આપણા બાળકોને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરાવવો કે અંગ્રેજી માધ્યમમાં' વિષય પર ફેકલ્ટી ડીન ડૉ. વિણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સંશોધન કરી ડોકટરેટની પદવી પ્રાપ્ત કરતા શાળા પરિવારે કુ. ચેતના બુચને અભિનંદન પાઠવ્યા છે.



ભારત માતા કી જયના નારા સાથે ૬૬ મા -જાસત્તાક દિવસની ઉજવણી સેકટર ૮ મા સંજય થોરાતના ઘરે કરવામાં આવી. આ -સંગે જાણીતા યોગાચાર્ય રાજુભાઈ પટેલને હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું. ડૉ. નિતા શેખાતે મોબાઈલ ફોન પર ટાઈમપાસના નિયંત્રણની વાત યુવાનોને કરી... સોસાયટીના રહીશો દ્વારા રાષ્ટ્ર ધ્વજ ત્રિરંગાને સન્માન પુર્વક સલામી આપવામાં આવી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરના ઘ માર્ગ પરથી બેફામ ગતિએ જતી એસેન્ટ કારના ચાલકે કોર્ટની સામે ઘ-૩ થી ઘ-૪ વચ્ચેના માર્ગ પર એક બાઈકને અડફેટે લઈને ફંગોળ્યું હતું. અકસ્માત સર્જીને કાર સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર બંને યુવક-યુવતીને ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતાં. જો કે સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

## આજે સે. ૨/બીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૩૧

જય બુટ ભવાનીમા મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ રવિવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન શ્રીમતિ દર્શનાબેન પી. ઉપાધ્યાયના મધુર કંઠે શ્રીમતિ હર્ષિદાબેન પારેખના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૮૨/૨, સેક્ટર-૨-બી ખાતે યોજાશે. ભાવિ ભક્તોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# કલોલ પાસેથી એલસીબીએ બે રીઢા ચોરો પકડી પાડયા

## છત્રાલ જીઆઈડીસી પાસેની મોબાઈલ શોપનું શટર ખોલીને ચોરેલા સાત મોબાઈલ રીકવર : અગાઉ ઘરફોડ ચોરીઓ પણ કરી હતી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર એલસીબીની ટીમ કલોલના પાનસર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બે શખ્સોને શકમંદ હાલતમાં પકડી પુછપરછ કરી હતી. તેમની પાસેથી સાત મોબાઈલો મળી આવ્યા હતાં. તે અંગે ઉંડી પુછતાછ કરતાં છત્રાલ જીઆઈડીસી પાસેની એક મોબાઈલ શોપમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો હતો. આ બંને શખ્સોના ઘરફોડ ચોરીમાં પણ નામ ખુલેલા છે. એલસીબીએ બંને રીઢા શખ્સોની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એચ.કે. સોલંકી, એએસઆઈ રાજેન્દ્રસિંહ, હે.કો. સુરેશકુમાર, પો.કો. કેતનકુમાર તથા રણજીતસિંહ સહિતના માણસો કલોલમાં પેટ્રોલીંગ કરતા હતા ત્યારે પાનસર ચોકડીથી સીંદબાદ રોડ પરથી બે શકમંદો પકડાયા હતાં. પાનસરથી સિંદબાદ માર્ગ પરના છાપરામાં રહેતો અને મુળ દાહોદનો જયંતી ઉર્ફે જેન્તી સોબન ભાભોર તથા અમદાવાદ દશક્રોઈનો અને મુળ દાહોદનો શૈલેષ સબુર સોબન ભાભોરને પકડીને અંગ જડતી કરતાં વિવિધ કંપનીના સાત મોબાઈલ મળી આવ્યા હતા. સઘન પુછપરછ કરતાં ઉત્તરાયણની રાત્રે આ શખ્સોએ પોતાના સાગરીત સબુર સોબન ભારોટ તથા કાળુ બસુ બારીયા સાથે મળીને છત્રાલ જીઆઈડીસીમાં સ્થિત મોબાઈલ શોપનું શટર ઉંચું કરી મોબાઈલ ચોરી કર્યા હતા. બે પકડાયેલા શખ્સોની ધરપકડ કરી ફરાર અન્ય બે સાગરીતોની શોધખોળ શરુ કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી જેન્તી ભાભોર તેના સાગરીતો સાથે જામજોધપુરમાં બે વખત કરીયાણાની દુકાનમાં ચોરી કરતા પકડાયો હતો. તેને ૩ વર્ષની સજા પણ પડી હતી તે ઉપરાંત એકાદ વર્ષ પહેલા આણંદમાં પણ ઘરફોડ કરી હતી.



શહેરના સેક્ટર-૬-બી ખાતે શ્રી ચંદ્ર મૌલેશ્વર શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, પેન્શનર સમાજ સેક્ટર-૬ અને માનવ સેવા મંડળ દ્વારા ૧૭મી ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કનુભાઈ દવેએ ગાંધીકથાનું રસપાન કરાવ્યું હતું. મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી ગાંધીકથાનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧

સૂર્યાસ્ત : ૬.૨૮

## તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્કીન-૨ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

### સિનેમેક્સ,

: સ્કીન-૧ :

૩ડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

: સ્કીન-૨ :

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્કીન-૩ :

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

સ્કીન-૪ :

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦, ૧૦.૦૫

## આપની આજ

**મેષ** : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર-વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

**મિથુન** : વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી કરવો. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : સફળ યાત્રા થશે. દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશં. સંતાનની પ્રગતિ થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે.

**મીન** : મિત્ર સહયોગ પ્રાપ્ત ન થઈ શકે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.